શહેરના સેક્ટરોમાં આવેલા પાંચ સરકારી દવાખાના બંધ કરાયા

# શહેરમાં ટુ-વ્હીલર ખરીદવા શો-રૂમ પર પડાપડી





ગાંધીનગર, તા.૩૧

ભારત સ્ટેજ એમિશન સ્ટાન્ડર્ડ (બીએસ-૩)ના વાહનોના વેચાણ પર સુપ્રિમ કોર્ટે પહેલી એપ્રિલથી પ્રતિબંધ મુકી દેતા ગુજરાત સહિત ભારતના ઓટોમોબાઈલ્સ ક્ષેત્રે ભારે હલચલ મચી જવા પામી છે. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ૧ એપ્રિલથી માત્ર બીએસ-૪ના વાહનોનું વેચાણ કરી શકાશે. જેથી ગાંધીનગર શહેરમાં બીએસ-૩ ના દ્રીચક્રી વાહનોના વેચાણ માટે ડીલરોએ રૂ.૧૦ હજારથી વધુનું ડિસ્કાઉન્ટ આપતા વાહનો ખરીદવા નાગરીકોની પડપડી જોવા મળી હતી.

આડે દિવસે મોંઘી કિંમતે અવનવા દ્વિચક્રી વાહનો ખરીદવા માટે યુવાવર્ગ વિશેષ ઉત્સુક જોવા મળે છે. ત્યારે આજે નગરના ઓટો મોબાઈલ્સ શો રૂમ પર ભારે ભીડ જામી હતી. બાઈક સહિતના અન્ય ટુ-વ્હીલર પર અંદાજીત ૧૦ થી ૨૦ હજારનું કન્સેશન મળતુ હોવાની વાત વહેતી થતા ઓટોમોબાઈલ્સ સેકટરમાં જાણે દિવસભર તેજી છવાઈ હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. દ્વિચક્રી વાહનના વિવિધ વાહનો પર કેટલાક રૂપીયાની છુટ મળશે તેનો તાગ મેળવવા બાઈક શો રૂમ પર દિવસ દરમ્યાન પુછતાછનો દોર યથાવત રહેવા પામ્યો હતો. જયારે બાઈક સહિતના દ્વિચક્રી વાહનો ખરીદવા ઈચ્છતા યુવાનો માટે આ તક સોનેરી પુરવાર થઈ હોય તેવું પુરવાર થયું હતું. જો કે બપોર બાદ મોટાભાગના ઓટોમોબાઈલ્સ શો રૂમમાં સ્ટોક ખલાસ થઈ ગયો હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. દિવસ દરમિયાન ટુ-વ્હીલરના વેચાણમાં આંકડો ઉંચો રહ્યો હતો.

શહેરમાં આવેલા ઓટોમોબાઈલ્સના શો રૂમ પર નાગરીકોની ભારે પડાપડી જોવા મળી હતી. વર્ષ દરમિયાન સુમસામ લાગતા શો રૂમ પર આજે દિવાળી તેમજ દશેરા જેવો માહોલ જામ્યો હતો. વાહનની કિંમતમાં રૂ.૧૦થી ૧૫ હજાર જેટલી જંગી રકમની છુટ મળતા વાહનોના શો રૂમ પર નાગરીકોની લાંબી કતારો જોવા મળી હતી. ઓટોમોબાઈલ્સના શો રૂમની આસપાસ એક કિલોમીટર સુધી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જયારે વાહનોનું વેચાણ થઈ જતા શો રૂમના માલિકો બપોર બાદ શો રૂમ બંધ કરીને બેસી ગયા હતા.

## જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે ૮૩૯ને શિષ્યવૃતિ

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી તેમજ આ અન્વેય વિકલાંગોને કેટલી શિષ્યવૃતિ ચુકવવામાં આવી ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ વિકલાંગ શિષ્યવૃતિ માટે એક વર્ષમાં ૮૪૯ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૮૩૯ અરજીઓ મળી છે. જયારે આ લાભાર્થીઓને રૂ ૧૦.૯૯ લાખની શિષ્યવૃતિ ચુકવામાં આવી છે.

**આદર્શ નિવાસી છાત્રાલય અને શાળાના બાંધકામ માટે જમીન ફાળવવામાં આવી નથી**

ગાંધીનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

કન્યાઓ માટે એક આદર્શ નિવાસી શાળા છે. જયારે વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓની સંખ્યા ત્રણ છે. તેમ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યુ હતુ. જયારે આદર્શ નિવાસી શાળાના મકાનના બાંધકામ માટે કોઈ કિસ્સામાં જમીન ફાળવવામાં આવી ન હોવાનુ પણ તેમણે પેટા પ્રશ્નના જવાબમાં જણાંવ્યુ હતુ. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે. તેમજ તેના બાંધકામ માટે પણ જમીનની ફાળવણી કરવામાં આવી છે કે કેમ ? અમરાઈવાડીના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં પણ વિભાગના મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં ચાર છાત્રાલયો કાર્યરત છે. જયારે જમીન એક પણ કિસ્સામાં મળી નથી.

## આર ટી ઓ કચેરીને નાણાંકીય વર્ષના અંતિમ દિવસે ટેક્સની ૧.0૪ કરોડની આવક

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરની આર ટી ઓ કચેરીએ નાણાંકીય વર્ષના અંતિમ દિવસે ટેક્ષ પેટે રૂ ૧.0૪ કરોડની તોતિંગ આવક કરી છે. છેલ્લા દિવસે એડવાન્સ ટેક્ષ સહીત અન્ય ટેક્ષ અન્વયે નગરની આર ટી ઓ કચેરીએ આ આવક મેળવી છે.

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીએ આજે નાંણાંકીય વર્ષના અંતિમ દિવસે રૂ ૧.0૪ કરોડની આવક કરી છે. આર ટી ઓ કચેરીની આવક પ્રતિવર્ષ વધતી જાય છે.વાહનોની વધતી સંખ્યા સાથે તેના દંડ ,નોંધણી ટેક્ષ સહીતની આવકનો આંકડો પણ મોટો થયો છે. સરકાર દ્વારા પણ આવક વધારવા માટે આર ટી ઓ કચેરીને ટાર્ગેટ આપવામાં આવે છે. જયારે છેલ્લા પાંચ વર્ષથી આર ટી ઓ કચેરી ટાર્ગેટથી વધુ આવક મેળવવાની સિધ્ધિ હાંસલ કરે છે. વર્ષ ૨૦૧૬-૧૭ ના નાંણાંકીય વર્ષના અંતે પણ આર ટી ઓ કચેરીએ આવકના મામલે નવો રેકર્ડ કર્યો છે.

# વિધાનસભા વિસર્જનનો મોડીરાત્રે નિર્ણય

## મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ એક જ ગાડીમાં રાજ્યપાલને મળવા રાજભવન પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧

ગુજરાત પ્રગતિશીલ, સંવેદનશીલ અને નિર્ણાયક સરકારની આજે મોડી રાત્રે મળેલ કેબિનેટ બેઠકમાં વિધાનસભા ભંગ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ અંગે રાજ્યના રાજ્યપાલશ્રીને પણ તેની જાણ કરી દેવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર સંપન્ન થયા બાદ આજે મોડી રાત્રે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષપદે મંત્રીમંડળની તાકીદની બેઠક મળી હતી.

બીજી તરફ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ આજે દિલ્હી જવા રવાના થયા છે. તો કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને પણ દિલ્હી તાત્કાલિક તેડાવવામાં આવ્યા છે. યોગાનુયોગ એવો થયો કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ, વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી એક જ પ્લેનમાં દિલ્હી પહોંચ્યા છે.

ગઈકાલે શંકરસિંહ વાઘેલા સાથે અમીત શાહની ટી ડિપ્લોમસી પછી રાજકીય ગરમાવો જે રીતે વધ્યો હતો તે આજે રાત્રે કેબિનેટની બેઠકમાં સમી જવા પામ્યો છે.

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્યની રાજકીય સ્થિતિ પર પણ સર્વગ્રાહી ચર્ચાને અંતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં ચૂંટણી માટેના મહત્વના મુદ્દાઓ કયા બનાવવા તેને લઈ પણ ચર્ચાઓ થઈ હોવાની વાતો જાણવા મળેલ છે.

મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ નિર્ણયની જાણ આ લખાય છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ એક જ ગાડીમાં રાજભવન રાજ્યપાલને મળવા પહોંચ્યા છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહે નવેમ્બરમાં ભાજપનો વિજય રથ ગુજરાત પહોંચશે તેવા સંકેતો આપ્યા હતા તો બાપુ સાથેની મુલાકાત બાદ બાપુએ પણ પત્રકારોને જણાવ્યુ હતુ કે કંઈ પણ થઈ શકે છે કહેવાય નહિ. આમ રાજકીય જો અને તો ના ગણિત પરનો જવાબ મોડી રાત્રે મળેલ કેબિનેટની બેઠકમાં મળી જવા પામ્યો છે.

# શહેરના સેક્ટરોમાં આવેલા પાંચ સરકારી દવાખાના બંધ કરાયા

## આરોગ્ય સેવાઓના પુનઃ ગઠન અંતર્ગત સરકારે નિર્ણય લીધો છે : સેવાઓ મનપાને સોંપવાના પણ સંકેતો : સે. ૩, ૩-એ-ન્યુ, ૪, ૫ અને ૧૯ના સરકારી દવાખાના બંધ કરાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરની આરોગ્ય સેવાઓના પુનઃ ગઠન અંગે રાજ્ય સરકાર દ્વારા ગંભીર વિચારણાઓ ચાલી રહી છે. સેક્ટરોમાં ચાલતા સરકારી દવાખાનાઓને એક-બીજા સાથે મર્જ કરવા ઉપરાંત ગાંધીનગર સિવિલની સેવાઓના સઘનીકરણ માટેના સંકેત મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં જિલ્લાકક્ષાની આરોગ્ય સેવાઓ ધરાવતી એક માત્ર સિવિલ હોસ્પિટલ છે. હાલ ગાંધીનગર શહેરમાં વિવિધ સેક્ટરોમાં આવેલા સરકારી દવાખાનાઓ પૈકી પાંચ દવાખાના તો બંધ પડેલા છે. તો સેક્ટરોમાં અર્બન હેલ્થ સેવાઓ મનપા દ્વારા શરૂ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં મનપાને આરોગ્ય સેવાઓ સોંપવા માટેનો તખ્તો પણ તૈયાર કરવામાં આવી રહ્યો હોવાના સંકેતો આપતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે સિવિલ હોસ્પિટલની સેવાઓના સઘનીકરણ પર ભાર મુકવામાં આવશે.

એક તબક્કે ગાંધીનગર શહેર માટે અલાયદી આરોગ્ય નીતિ તૈયાર કરવાની કવાયત તંત્રએ હાથ ધરી હતી આ પછી તે ફાઈલો અભેરાઈએ ચડી જવા પામી છે.

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં આવેલા સરકારી દવાખાનાઓને પી.એચ.સી.નો દરજ્જો આપવાની યોજના પણ તંત્ર દ્વારા વિચારણામાં લેવામાં આવી હતી અને તે બાબત પણ ફાઈલોમાં દોડેલા ઘોડાઓ જેવી પૂરવાર થવા પામી છે.

ગાંધીનગર શહેરમાં મેડીકલ કોલેજ શરૂ થતાં સિવિલ હોસ્પિટલનો સમગ્ર વહીવટ હવે જીએમઈઆરએસને સોંપી દેવામાં આવેલ છે. બીજી તરફ શહેરના સેક્ટરોમાં ચાલતા દવાખાનાઓ પણ ઓપીડીના અભાવે લગભગ બંધ જેવી હાલતમાં છે. નિવૃત્ત થતાં કર્મચારીઓને પગલે આરોગ્ય સેવાઓ પણ સેક્ટરોમાં સરકારી દવાખાનાની નહિવત બની છે.

મળતી વિગતો પ્રમાણે હાલ ગાંધીનગર શહેરમાં ૩૧ ઓગષ્ટ ૨૦૧૬ની સ્થિતિએ સે. ૩, સે. ૩-એ.ન્યુ, સેક્ટર-૪, સેક્ટર-૫ અને સે. ૧૯ એમ પાંચ સરકારી દવાખાનાઓની સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# અંતિમ દિવસે પણ ગૃહમાં ધાંધલધમાલ

અમદાવાદ, તા.૩૧

ભાજપ પ્રમુખ અમિત શાહના નિવેદનના મુદ્દે આજે બજેટસત્રના છેલ્લા દિવસે પણ કોંગ્રેસે ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. કોંગ્રેસના કાર્યકરો આક્રમક મૂડમાં દેખાયા હતા. સવારમાં બેઠક સમયે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિપક્ષની માંગણી સ્વીકારીને એમબી શાહ કમિશનનો અહેવાલ ગૃહમાં મુકવામાં આવ્યો છે. કોંગ્રેસના સભ્યો ધાંધલ ધમાલ દરમિયાન ગૃહની વચ્ચો વચ્ચ આવી ગયા હતા અને દેખાવો કર્યા હતા. જેના લીધે અધ્યક્ષે તમામને બહાર લઈ જવા માટેનો આક્ષેપ કર્યો હતો. કાયદા મંત્રી જાડેજાએ આવો દેખાવ કરનાર તમામને પ્રથમ અને બીજી બેઠકમાં સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપતા બંને ગૃહની બેઠકમાં કોંગ્રેસના સભ્યોને સસ્પેન્ડ કરાયા

● અનુસંધાન પાન-૭ પર

**વેચવાનો છે**

ફ્લેટ 2BHK-154 વાર, ૪થો માળ, પ્રમુખ એલીગન્સ, રાયસણ પેટ્રોલ પંપ પાસે, ગાંધીનગર

: સંપર્ક :

મો. ૯૪૨૬૦ ૧૧૫૦૮

## વિધાનસભાનું એક દિવસીય સત્ર બોલાવાશે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૩૧

કેન્દ્ર સરકાર દ્વારા લોકસભામાં પસાર થયેલ જીએસટી બિલને બહાલી આપવા માટે આગામી દિવસોમાં વિધાનસભાનું એક દિવસીય સત્ર રાજ્ય સરકાર બોલાવશે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે આ અંગેના સંકેતો આપ્યા હતા. તેમણે વિધાનસભા સત્ર સમાપ્તીની ઘોષણા અગાઉ ગૃહમાં ટુંકા સંબોધન દરમ્યાન આ સંકેતો આપ્યા હતા અને જણાવ્યું હતું કે આ માટે સરકાર અધ્યક્ષશ્રી સાથે વાત કરી સત્ર આહ્‌વાન કરવાની દરખાસ્ત આપશે.

રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજે સંપન્ન થયુ છે. ૨૦મી ફેબ્રુઆરીથી આરંભાયેલ સત્રની આજે અંતિમ દિવસે પણ બે બેઠકો મળી હતી.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે કેગના રિપોર્ટ સહિત ૧૦ જેટલા વિવિધ અહેવાલો તેમજ જસ્ટીસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ પણ રજુ થયો હતો.

વિધાનસભા ગૃહમાં ૨૦૧૬-૧૭ની પૂરક માંગણીઓ ઉપરાંત ૨૦૧૭-૧૮ના વર્ષનું અંદાજપત્ર પણ પસાર કરવામાં આવ્યું છે. આ સત્ર દરમ્યાન સાડત્રીસ અતારાંકિત પ્રશ્નોત્તરી રજુ થઈ છે કદાચ એક વિક્રમ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | Kisan | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI


**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**કડી દશા દિશાવાળ બેસણું**



અમારા પૂજ્ય માતુશ્રી ગં.સ્વ.સાવિત્રીબેન હસમુખલાલ દેસાઈ તા. 28/3/2017 ને મંગળવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. 1/4/2017ને શનીવારના રોજ સાંજે 4:30 થી 7 કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ:- ઉમિયા માતા સંસ્થાન હોલ, સેક્ટર-૧૨, ઘ-૪ પાસે, ગાંધીનગર

વલ્લભ એચ. દેસાઈ(SBI-ગાંધીનગર)
સ્વ. પલ્લવીબેન વી. દેસાઈ | ડો.ઓચ્છવ એચ. દેસાઈ(V.O.)
મનીષાબેન ઓ. દેસાઈ | લિ. | પ્રતિમા એસ. પરીખ
યોગીની વી. શાહ | પ્રિયદર્શના એ. શાહ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com